
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ તમે ઘરે રહીને સુરક્ષિત રહેવાનું ખાડા માટે કહો છો કે... કોરોના માટે...!!

# સ્ટોર્મ વૉટર પાઈપલાઈનનું ખોદાણ સેકટરોમાં મકાનોના પાયા સુધી પહોંચતુ હોવાનો નાગરિકોનો આક્રોશ

### સેકટરોમાં વરસતા વરસાદ વચ્ચે બંધ સ્ટ્રીટ લાઇટો વચ્ચે છવાયેલા અંધારપટ્ટમાં તોતિંગ ભુંગળા અને માટીના ઢગ સાથે માર્ગો આસપાસ મોટા ગાબડા મોતના કુવા સમાન

ગાંધીનગર તા ૨૮

શહેરમાં વરસાદી દિવસોમાં આમ પણ સેકટરોમાં દુવિધાઓનો ઢગ ખડકાયો છે. ગંદકી, બંધ સ્ટ્રીટ લાઈટો અને મચ્છર જીવાતના ઉપદ્રવ વચ્ચે નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. રખડતા ઢોર અને માર્ગ વચાળે મોટામસ ગાબડા પડતા પણ આમ નાગરિકોની સલામતી સામે મોટો પ્રશ્ન સર્જાયો છે. વરસાદી દિવસોમાં હાલ રાત્રિના સમયે ઘરની બહાર નિકળવુ જરા પણ સલામતી ભર્યુ ન હોવાનો અહેસાસ નાગરિકો ડગલે ને પગલે કરી રહ્યા છે. સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી વરસાદી પાણીના નિકાલની લાઇન ખોદવામાં આવી રહી છે. હાલ સે-૩, સે-૪ અને સે-૫, ૬ સહીતના વિસ્તારમાં ઠેર ઠેર મોટામસ ખાડા ખોદવામાં આવ્યા છે. નાગરિકોના ઘર આંગણે જ મોટા ખાડા ખોદીને તોતિંગ ભુંગળાનો ખડકલો કરી દેવાયો છે. સ્ટોર્મ વોટર લાઇનનુ ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે સેકટરોમાં રીંગ રોડને અડીને આવેલા નાગરિકોના મકાનોના પાયા સુધી ખોદકામ થતા રહીશોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. સેકટરોમાં આડેધડ ખોદકામના લીધે આમ પણ ભયજનક સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ખાડા ખોદાયા બાદ ઝડપથી કામગીરી પણ હાથ ધરવામાં આવતી નથી જેના લીધે વરસાદી દિવસોમાં રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો પણ બંધ હોવાથી માર્ગ સલામતી જોખમાય છે સેકટરોના રહીશોના માથે જાનલેવા અકસ્માતનો ખતરો જળુંબી રહ્યો છે.

વરસાદી પાણીના નિકાલનુ કામ પુર્ણ થાય ત્યારે પણ સેકટરોના આંતરિક વિસ્તારમાં પ્રવર્તેલી દુવિધાઓ અને જોખમી સ્થિતિના લીધે સ્થાનિકો ગળે આવી ગયા છે. વરસાદી પાણીના નિકાલ માટેની લાઇન વરસાદમાં વધુ જોખમી બની છે. જયારે યોગ્ય માટી પુરાણ ન થતા મોટામસ ગાબડામાં પણ આખે આખા વાહનો ગરકાવ થઈ જાય તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોમાં તંત્રએ આ પ્રકારની સ્થિતિ નિવારવા માટે ત્વરિત ગાબડા પુરવા તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર નાગરિકોને નડતરરૂપ ન થાય તે મુજબ ઝડપથી આ જોખમી સ્થિતિ નિવારવા કામ હાથ ધરવુ જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે.




કોરોના મહામારીમાં એક તરફ કેસો સતત વધી રહ્યાં છે અને બીજી તરફ સરકાર દ્વારા શાળા-કોલેજો શરૂ કરવા અંગે નિર્ણય લઈ શકાતો નથી. મોટા ભાગના વાલીઓ આ પરિસ્થિતિમાં પોતાના સંતાનોને શાળા-કોલેજમાં મોકલવા તૈયાર નથી. આ સ્થિતિમાં સરકાર દ્વારા જેઈઈ અને નીટની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે મામલે દેશભરમાં રાજનીતિ ગરમાઈ છે અને કોંગ્રેસ દ્વારા પરીક્ષા મુલત્વી રાખવા માંગ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યુ હતુ.

# સાબરમતિ નદીમાં ફસાયેલા પાંચ ગદર્ભને ફાયરની ટીમે બચાવ્યા

ગાંધીનગર નજીકથી પસાર થતી સાબરમતિ નદીમાં લેકાવાડા ગામ પાસે પાંચ ગદર્ભ નદીમાં આવેલા પાણીના પ્રવાહને પગલે ફસાઈ ગયા હતા. છેલ્લા બે ત્રણ દિવસથી નાની ટેકરી પર ચોતરફ પાણીને પગલે તેઓ બેસી રહ્યા હતા. નદીમાં ફસાયેલા



ગદર્ભ પર અચાનક એક નાગરીકની નજર પડતા તેણે તાત્કાલીક ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમનો સંપર્ક કર્યો હતો. જેને પગલે ફાયર ઓફિસર મહેશ મોડે તાત્કાલીક અસરથી પોતાની ટીમના સભ્યોને લેકાવાડા ખાતે મોકલી આપ્યા હતા. ગદર્ભને બચાવવા માટે ફાયરની ટીમના જવાનો કોતરોમાં દોઢ કિલોમીટર જેટલું અંતર ચાલીને ગયા હતા. ત્યારબાદ નદીના પાણીમાં થઈને રસ્સાની મદદ વડે ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ એક પછી એક ગદર્ભને સહી સલામત બહાર નીકાળ્યા હતા. રેસ્ક્યુ ઓપરેશનમાં બે કલાક જેટલો સમય થયો હતો. રેસ્કયુ ઓપરેશન જોવા ગામના નાગરીકોએ ફાયર ટીમની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા છે.

# આજે રાષ્ટ્રીય ખેલ દિવસ નિમિત્તે રાષ્ટ્રની ખેલ પ્રતિભાઓને સન્માનિત કરાશે

ભારતભરમાં તા. ૨૯મી ઓગષ્ટ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે દેશની ખેલ પ્રતિભાઓને સન્માનવાનો કાર્યક્રમ નવી દિલ્હી ખાતે યોજાશે. યુવા કાર્યક્રમ અને ખેલ રાજ્યમંત્રી કિરણ રિજિજુ દ્વારા તા. ૨૯મી ઓગષ્ટ શનિવારે સવારે ૧૧ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિના હસ્તે રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર, દ્રોણાચાર્ય પુરસ્કાર, અર્જુન પુરસ્કાર, ધ્યાનચંદ પુરસ્કાર, તેન્જિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસ પુરસ્કાર, મૌલાના અબ્દૂલ કલામ આઝાદ ટ્રોફી, રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહિત પુરસ્કારનું વિતરણ કરાશે.

# ખેડૂતોના ચહેરા ઉપર હાસ્ય દેખાશે તો જ દેશની સમૃધ્ધિ દેખાશે : કૌશિકભાઇ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે મુખ્ય મંત્રી કિસાન સહાય યોજનાના પ્રચાર અને પ્રસાર કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી બોલતા રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું કે, ખેડુતોના ચહેરા પર હાસ્ય હશે, તોજ દેશની પ્રગતિ દેખાશે તેથી રાજ્ય સરકારે ખેડૂતો મુશ્કેલીઓ - સમસ્યાઓ અને પ્રશ્નોની ચિંતા કરીને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, વાવાઝોડા કમોસમી વરસાદમાં થયેલ નુકસાનમાં સહાય મળે તે માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અમલી બનાવી છે. જેનો પ્રચાર પ્રસાર અંતરિયાળ અને છેવાડાના ખેડૂતો સુધી થાય અને કોઈ પણ અસરગ્રસ્ત ખેડૂત લાભથી વંચિત રહી ન જાય તેવા પ્રયાસો રાજ્ય સરકારે કર્યા છે

મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે અગાઉની સરકાર વખતે પાક વીમા




યોજનાનો લાભ પ્રીમિયમ ભરાઈ અને વીમા કંપનીઓના વારંવાર ધક્કા ખાવા પછી જ મળ્યો હતો જયારે આ મુખ્યમંત્રી સહાય યોજનાનો લાભ વગર પ્રીમિયમ એ કુદરતી આફતો માં નુકસાન થયેલ તમામ ખેડુતોને લાભ મળવાનો છે. અગાઉની સરકારોમાં વીજળી રાત્રે આપવામાં આવતી હતી એટલે ખેડૂતોને ઉજાગરા કરવા પડતા હતા. જયારે હવે, આપણે વીજ ઉત્પાદનમાં સરપ્લસ છીએ અને દિવસે વીજળી આપવામાં આવે છે. એટલે કે, ભાજપાની સરકારે વીજળી- પાણી-બિયારણો-ખાતર- કૃષિ સાધનો અને ખેત પેદારોના પોષણક્ષમ ભાવોની સુરક્ષાની વ્યવસ્થા કરી છે. અને ખેડૂતોના મહત્તમ પ્રશ્નો હલ કરવાના અગત્યના નિર્ણયો કર્યા છે. ભારત સરકારે પણ ખેડૂતોની ચિંતા કરીને લોનમાં ઝીરો ટકામાં ગુજરાતે પહેલ કરી છે. ખેડૂત આઈ પોર્ટલ દ્વારા ઓનલાઈન સેવાઓ આપીને ખેડૂતોના ધક્કા અને સમય બચાવ્યો છે. આમ ખેડૂતોના અનેક પ્રશ્નો હવે, ભૂતકાળ બની ગયા છે. જમીન પચાવી પાડનારા ભૂમાફિયાઓ માટે કડક કાયદાએ અમલી બનાવ્યા છે. પ્રવર્તમાન કોરોનાની મહામારીમાં ખેડૂતોને કૃષિ ઉત્પાદન અને પશુપાલન દ્વારા દુધ ઉત્પાદન પુરું પાડવા બદલ અભિનંદન પાઠવી ભારત સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ, વારંવાર સેનિટાઈઝરથી હાથ ધોવા, ફરજિયાત માસ્ક પહેરવું અને જરૂરિયાત સિવાય બદલ ન નિકળવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ડી.પી. જાદવે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની વિસ્તૃત સમજ ખેડૂતોને આપી હતી, કાર્ય ક્રમના પ્રારંભે જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ મંત્રીશ્રીને પુષ્પગચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના વરદ હસ્તે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના ૧૬ જેટલા લાભાર્થીઓને સહાયનું વિતરણ કર્યું હતું.

## ખૂણેખાંચરેથી

- સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા બેંકર્સ કમિટીની બેઠક આજે છ મહિના પછી મળી હતી. જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં જિલ્લાનો ક્રેડિટ રેસિયો સુધરે તે માટે સિંગલ ડિઝીટ ધરાવતી બેંકોને આકરી ટકોર કલેક્ટરે કરી હતી.
- આજે માણસા ખાતે યોજાયેલ ખેડૂત સંમેલનમાં ભાગ લેવા આવનાર ખેડૂતોને આયુર્વેદનો ઉકાળો અને હોમીયોપેથીની દવાનું પણ વિતરણ કરાયુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં દિશાની વર્ચ્યુઅલ બેઠક યોજવાની તૈયારીઓ તંત્રએ આરંભી હોવાનું જાણવા મળી રહેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં મનરેગાના અમલને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને ખાસ સમીક્ષા બેઠક યોજી હતી.
- ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ બુધવારે વિધાનસભાના પરાજિત ઉમેદવારો સાથે ખાસ બેઠક કરશે.
- ગાંધીનગર શહેરમાં આજે વરસાદી ઝાપટાઓએ નગરજનોને ઘરમાં રહેવા મજબુર કર્યા હતા.
- ગાંધીનગરના વેપારી અગ્રણી અને કલ્ચરલ ફોરમના પણ અગ્રણી શાંતિલાલ ઘોઘારીને ગઈકાલે રાત્રે હાર્ટ એટેકનો હળવો હુમલો આવતાં અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જયાં તેમને સ્ટેન્ડ મુકવામાં આવ્યુ છે.

